# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2023** **Evening : 7.10 to 7.20pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- આજે ગુજરાત સહિત સમગ્ર દેશભરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ ની ઉજવણી થઇ રહી છે.
- ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજથી ત્રીજા તબક્કાના 'સ્વચ્છતા પખવાડિયા' ની ઉજવણી શરૂ થઇ છે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના સાયંરા(યક્ષ) ખાતે યક્ષ ભાતીગળ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.
- ગાંધી જયંતિ નિમિત્તે આજે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સુરતના અડાજણમાં હનીપાર્ક ખાતે ખાદી વેચાણ સહ પ્રદર્શનને ખુલ્લો મુકવામાં આવ્યો.
- રાજ્યમાં બે જુદા જુદા અકસ્માતના બનાવોમાં 4 વ્યક્તિના મોત નિપજ્યા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM - GANDHI JAYANTI

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી થઈ રહી છે, અને દેશ વિદેશમાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલી આપવાના શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. નવી દિલ્લીમાં રાજઘાટ ખાતે બાપુના સમાધિ સ્થળે સર્વ ધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજ્યમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમદાવાદમાં સાબરમતી આશ્રમ અને પોરબંદરમાં મહાત્મા ગાંધીના જન્મસ્થળ કીર્તિ મંદિર ખાતે આયોજિત સર્વધર્મ પ્રાર્થનામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાગ લીધો હતો.

## (બાઇટ- સીએમ, ગાંધીજયંતિ)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે પ્રાર્થનાથી આત્મા શુદ્ધ થાય છે, અને તેથી જ વિશ્વભરમાંથી પ્રવાસીઓ અહીં આવે છે. મહાત્મા ગાંધીના ખાદીના વિચારોને સાકાર કરવા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સંદર્ભમાં ખાદીને ગુજરાતમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે આજથી 31 ઓક્ટોબર સુધી યાદીના વેચાણ પર 20 ટકાનું વળતર આપવામાં આવશે. પ્રભારી મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું કે પૂજ્ય બાપુનું જીવન એ જ એમનો સંદેશો છે. તેમાના વિચારો અને સિદ્ધાંતો પ્રેરણાદાયી છે.

. . . . . . . . . . . . . . . . .

# GANDHI JAYANTI-DISTRICT

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે દેશ સહિત રાજ્યમાં પણ  વિવિધ સ્થળોએ વિવિધ કાર્યક્રમો દ્વારા બાપુને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી.

અમારા અમરેલીના પ્રતિનિધિ જણાવે છે કે શહેરના ગાંધીબાગ ખાતે કેન્દ્રીય પશુપાલન અને મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમ રૂપાલાના અધ્યક્ષસ્થાને 'ગાંધી વંદના' કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીબાગ સ્થિતિ મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી ફૂલહાર કર્યા હતા.

અમારા દાહોદના પ્રતિનિધિ જણાવે છે કે  ગાંધી જયંતિ નિમિત્તે દાહોદ ગાંધી ગાર્ડન ખાતે ગાંધીજીની પ્રતિમાને  સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા સુતરની માળા અર્પણ કરવામાં આવી હતી.

અમારા નર્મદા જીલ્લાના પ્રતિનિધિ  જણાવે છે કે બાપુની  ૧૫૪મી જન્મજયંતિ નિમિત્તે રાજપીપળા જીલ્લા જેલ ખાતે મહાત્મા ગાંધીજીનું જીવન ચરીત્ર તથા ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

અમારા ડાંગ  જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે  મુખ્ય વહીવટી મથક આહવા ખાતે 'ગાંધી જયંતી' ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. તેમજ પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમારા ભાવનગરના પ્રતિનિધિ જણાવે છે કે પાલીતાણાની ઝવેરચંદ મેઘાણી શાળામાં આજે ગાંધીજી અને શાસ્ત્રીજીની વંદનાનો કાર્યક્રમ યોજાઇ ગયો, જેમાં ૧૦૦ થી વધુ બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે પાટણ શહેરમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી. પાટણ જિલ્લાના ગામડાઓમાં ગ્રામસભાઓ યોજવામાં આવી હતી.

અમારા નવસારીના પ્રતિનિધિ જણાવે છે કે દાંડીના નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ ખાતે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને બાપુને શ્રધ્ધાંજલી અર્પણ કરાઇ હતી.

અમારા અરવલ્લીના પ્રતિનિધિ જણાવે છે કે અરવલ્લી જિલ્લાના મહાદેવ ગ્રામ બાકરોલ ખાતે આવેલા પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્મારક ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.

અમારા દીવના પ્રતિનિધિ જણાવે છે કે દીવ ખાતે આજે પૂજ્ય મહાત્મા ગાંધીજીની તથા લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતી નિમિત્તે દીવ કલેકટર, નગરપાલિકા તથા પ્રશાસનના સહયોગથી શ્રદ્ધાસુમન અર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો.

અમારા નડિયાદના પ્રતિનિધિ જણાવે છે કે નડિયાદ ખાતે આવેલ સરદાર પટેલ ભવન પાસે પૂજ્ય બાપુના સ્મારક પરખેડા જિલ્લા કલેકટરે પૂજય બાપુને યાદ કરી સુતરની આટી પહેરાવી પુષ્પાંજલિ થકી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા.

. . . . . . . . . . . . . . . . .

## SHASTRIJI JAYANTI

આજે પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રીય રાજધાનીમાં લાલ બહાદુર શાસ્ત્રીના સ્મારક વિજય ઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શ્રી મોદીએ લાલ બહાદુર શાસ્ત્રીની સાદગી, રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ અને જય જવાન, જય કિસાનનું પ્રતિકાત્મક આહ્વાન આજે પણ પેઢીઓને પ્રેરણા  આપતું હોવાનું કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GOVERNOR- GANDHI JAYANTI

મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ આચાર્ય દેવવ્રતએ રાજભવન પરિસરમાં ગાંધીબાપુને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. આ અવસરે શ્રી દેવવ્રતએ ગુજરાત વિદ્યાપીઠની સો વર્ષની સફરનો આલેખ કરતાં પુસ્તક ‘ક્રાંતિની કેળવણી શતાબ્દીની સફર’ ના બીજા ખંડનું લોકાર્પણ કર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના વર્ષ 1920માં ગાંધીજીએ કરેલી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SWACHHTA HI SEVA-DISTRICT

સમગ્ર દેશમાં  ત્રીજા તબક્કાના 'સ્વચ્છતા પખવાડિયા' ની ઉજવણી થઇ રહી છે. રાજ્યમાં પણ આ કાર્યક્રમ અંતર્ગત રાજપીપળામાં આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF) એકમ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસના પરિસરમાં સ્વચ્છતા કાર્ય હાથ

ધરવામાં આવ્યું હતું.  આ સ્વચ્છતા ઝુંબેશમાં વિસ્તારના સ્થાનિકો ઉપરાંત ત્યાં આવેલા પ્રવાસીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તેવી જ રીતે ગઇકાલે અમરેલીમાં ૬૧૬ ગ્રામ પંચાયતોમાં લોકો શ્રમદાન મહાઅભિયાનમાં જોડાયા હતા. કેન્દ્રીયમંત્રી પરષોત્તમ રૂપાલાના ઈશ્વરીયા ખાતે શ્રમદાન સહિત, વિધાનસભાના નાયબ મુખ્યદંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટરે સ્વચ્છતા શ્રમદાન કર્યું હતું. સાંસદ નારણ કાછડિયા દ્વારા જાત્રુડા ખાતે શ્રમદાન કરીને, ગ્રામ પંચાયતને અર્પણ કરાયેલી ઈ-રીક્ષાને કાર્યરત કરાઇ હતી.

રાજકોટમાં કસ્તુરબા ધામ-ત્રંબા ખાતે કૃષિમંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને સ્વચ્છાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી પટેલે પૂજ્ય કસ્તુરબાને શ્રદ્ધાંજલી અર્પી હતી. રાજકોટમાં ૩ થી ૫ ઓકટોબર દરમ્યાન નાટકો, લોકડાયરા તેમજ કઠપૂતળીના કાર્યક્રમો યોજાશે.

ભાવનગરમાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા જનજાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં  ભાવનગરના મેયર ભરતભાઈ બારડ જોડાયા હતા. રેલી દરમિયાન સ્કાઉટ ગાઈડ દ્વારા તખ્તેશ્વર વિસ્તારના અંતરિયાળ રસ્તાઓની તેમજ ધનવંતરી પાર્કની આજુબાજુમાં સફાઈ કરી હતી.

------------------------------

# CM-  KUTCH YAKSH MELO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના સાયંરા(યક્ષ) ખાતે યક્ષ ભાતીગળ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

શ્રી પટેલે સંબોધન કરતાં જણાવ્યુ કે, યક્ષનો મેળો, માતાનો મઢ, હાજીપીર, કોટેશ્વર, રવેચી, જેસલ-તોરલ સમાધિ, નારાયણ સરોવર અને લખપત ગુરુદ્વારા જેવા ધાર્મિક-ઐતિહાસિક સ્થાનકો કચ્છની આગવી લોક સંસ્કૃતિના ધબકાર છે. શ્રી પટેલે નાની ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલા મોટા યક્ષના ભવ્યમેળાને ગ્રામ પંચાયતોના સશક્તિકરણનું જ્વલંત ઉદાહરણ ગણાવ્યો હતો.

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના જણાવ્યા પ્રમાણે ૧ હજાર ૨૮૨મી વખત યોજાઈ રહેલા આ ભવ્ય મેળાનો પ્રથમવાર મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ થયો છે.

. . . . . . . . . . . . . . . . . .

## HARSH SANGHAVI - SURAT

ગાંધી જયંતિ નિમિત્તે આજે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સુરતના અડાજણમાં હનીપાર્ક ખાતે ખાદી વેચાણ સહ પ્રદર્શનને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ખાદી સાથે સંકળાયેલ કારીગરોને રોજગારી મળી રહે તે માટે ખાદી ફોર નેશન અને ખાદી ફોરફેશનની થીમને પ્રોત્સાહન આપવા ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા ખાદી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગૃહરાજ્યમંત્રી એ ખાદીની ખરીદી કરી શહેરીજનોને ખાદી ખરીદવા અનુરોધ કર્યો હતો. આ અવસરે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ મેળામાં ખાદી વેચાણના ૭૫ સ્ટોલ તેમજ ઈએમઇજીપી

દ્વારા તૈયાર કરાયેલી વસ્તુઓના વેચાણના ૩૦ સ્ટોલ છે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા ખાદી માટે માન્ય સંસ્થા, મંડળી, કાંતનાર કે વણનાર કારીગરો દ્વારા રાજ્યમાં ઉત્પાદિત થતી ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમત ઉપર ૨૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવામાં આવશે. ખાદી તેમજ ગ્રામોદ્યોગની ચીજ વસ્તુઓ ૧૫ ઓક્ટોબર સુધી ખરીદી શકાશે.

(Byte - હર્ષ સંઘવી )

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## Accident

રાજ્યમાં બે જુદા જુદા અકસ્માતના બનાવોમાં 4 વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.

વલસાડના અતુલ હાઇવે ઉપર કારની અડફેટે આવી જતાં ભરૂચના 2 યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા. સુરતથી વાપી તરફ જતા ફાસ્ટ ટ્રેક ઉપર પસાર થતી એક કારના ચાલકે ભરૂચના 2 યુવાનોને અડફેટે લઈને અકસ્માત સર્જ્યો હતો. ઘટના અંગે કાર ચાલક વિરુદ્ધ રૂરલ પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

તો બીજી તરફ ભાવનગરમાં પાણીમાં ન્હાવા પડેલા બે કિશોરના ડૂબી જતા મૃત્યુ થયા છે. સીદસરરોડ હીલપાર્કથી અધેવાડા તરફના રોડ પર આવેલા પાણીના ખાડામાં બે કિશોર નાહતી વખતે અચાનક પાણીમાં ડૂબવા લાગતા સ્થાનિકોએ તંત્રને જાણ કરી હતી.

108 સેવા અને ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચી બંને કિશોરોને  રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવ્યા. પરંતુ  બંને કિશોરોના મોત નિપજ્યા હતા.

------------------------------